## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



થોડો સમય ઘરમાં બેસી રહે... પછી તો સરકાર પણ આપણને રોડ પર આવતા રોકી નથી શકવાની...!!



લૉકડાઉનનો અમલ ગાંધીનગરમાં વધુ કડક બનાવાયો છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોમાં કોરોનાના કેસોમાં વધારો થતાં પોલીસે કડક ચેકીંગ શરુ કર્યુ છે. પોલીસ કર્મીઓએ સેકટર-૨૪માં આવવા જવાના તમામ માર્ગો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. આ વિસ્તારમાં ભીડ વધુ થતી હોવાથી અહીં પોલીસે વધુ ચુસ્તતા દાખવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં કેટલાક ઉદ્યોગોને જિલ્લાતંત્ર દ્વારા અપાયેલ મંજૂરી કન્ટેનમેન્ટ ઝોનમાં આવતા હોવાથી રદ કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં હાલ ૩૯૦ થી વધુ લોકોને ફેસેલીટી સેન્ટર અને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર મનપા દ્વારા ૨૨૦૦ કિલોથી વધુ બાયોમેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૩૨ તો શહેરમાં ૩૧ કેસ સાથે કુલ ૬૩ કેસ થયા છે.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આરોગ્ય સેતુ એપ સરકારી કર્મચારીઓ દ્વારા ડાઉનલોડ કરવાનું ફરજીયાત કર્યુ છે. તો આરોગ્ય વિભાગે પણ આ અંગે કેટલીક કડક સુચનાઓ તમામ તંત્રને આપી તેની વિગતો સાથેનો ડેટા મોકલવા જણાવ્યુ છે.
- રાજ્ય સરકારે શ્રમિકોને વતન જવા માટે સુઆયોજિત કામગીરી થાય તે અંગે નોડલ ઓફિસર તરીકે વિપુલ મિત્રાને જવાબદારી સોંપી છે.



## લોકડાઉનને પગલે શહેરના માર્ગો પર પાંખી હાજરી

ગાંધીનગરમાં કોરોનાના સંક્રમણનો વ્યાપ વધતા વસાહતીઓની ચિંતામાં સ્વાભવિક રીતે વધારો થયો છે. આ પરિસ્થિતિમાં લૉકડાઉનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. શહેરમાં પ્રવેશને નિયંત્રિત કરી દેવામાં આવ્યો છે. જેના કારણે માર્ગો પર વાહનોની અવરજવર સાવ પાંખી જોવા મળી રહી છે. મોટા ભાગના સેકટરો સુમસામ જોવા મળી રહ્યા છે.

# સે-૨૪માં મહિલા પોલીસ કર્મચારી સાથે માથાકુટ કરનાર બે શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે મહિલા પોલીસ કર્મચારી સાથે માથાકુટ કરીને અપશબ્દો બોલીને ફેંટ પકડનાર યુવક સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકે ફરજ બજાવતા મહિલા પીએસઆઈ સ્ટાફ સાથે પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓ સેકટર-૨૪ ખાતે પહોંચ્યા હતા. આ સમયે ડબલ ડેકર વિસ્તારમાં યુવકોનું ટોળુ બેઠુ હતુ. જે પોલીસની ગાડી જોઈને ભાગી ગયુ હતુ. પરંતુ એક યુવક વિશાલ જયરામભાઈ પોલીસના હાથે પકડાઈ ગયો હતો. ત્યારે નજીકના ઘરમાં રહેલો યુવક હિમાંશુ પંડયા ફોટો-વિડિયો



ઉતારતો હતો. જેથી પોલીસે તેને પુછતા તે ગુસ્સે ભરાઈ ગયો હતો અને મારુ ઘર છે અને નાગરીકો અહીં બેસશે, તારે શુ કહીને મહિલા પીએસઆઈને અપશબ્દો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ હિમાંશુએ નીચે આવીને મહિલા પીએસઆઈની ફેંટ પકડીને હાથ ઉગામ્યો હતો. ત્યારબાદ વચ્ચે પડેલા કોન્સ્ટેબલ સાથે યુવકે મારામારી કરી હતી. આ સમયે યુવકના પરિવારના સભ્યો પણ બહાર દોડી આવ્યા હતા. મહિલા પીએસઆઈએ યુવકનો હાથ પકડી રાખતા તેના પરિવારના સભ્યોએ યુવકને છોડવવા માટે ધક્કામુકી કરી હતી. પોલીસે હિમાંશુ અને વિશાલને પોલીસ મથકે લઈ આવી હતી અને ફરજમાં રૂકાવટ, ગાળાગાળી, ધમકીઓ અંગે મહિલા પીએસઆઈની ફરીયાદના પગલે સે-૨૧ પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ શરુ કરી છે.





## ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ ઉવારસદ, વાવોલ અને અડાલજ ગામની મુલાકાત લીધી

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે આજરોજ ઉવારસદ, વાવોલ અને અડાલજ ગામમાં કોરોના પોઝિટીવ સંદર્ભે મુલાકાત લીધી હતી. આ ગામની મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે કડક રીતે લોક ડાઉનની અમલવારી કરવા માટે તમામ ગામના સરપંચશ્રીઓ, તલાટી કમ મંત્રીઓ અને સંબંધિત અધિકારીઓને આપી હતી. આવતા જવાવાનું રજિસ્ટ્રર નિભાવવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ કોરોના પોઝિટીવ કેસ મળનાર સોસાયટીના રહીશોને જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે સુચારું વ્યવસ્થા કરવા માટે પણ તલાટી કમ મંત્રીને ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. મેડિકલ ઓફિસર પાસેથી દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી, સંપર્કમાં આવેલ લોકો, દર્દીની હાલની સ્થિતિ અંગે માહિતી મેળવી. રેંજી' રેંજી આરોગ્ય વિષયક સરવેની કામગીરી ની સમીક્ષા કરી. તેઓશ્રીએ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ મોટા ભાગે અમદાવાદ સાથે કનેકશન ધરાવે છે. આથી આ સોસાયટીમાં રહેતા અને અમદાવાદ નોકરી, ધંધા અને અન્ય કામ અર્થે જતાં હોય તો તેમને અપડાઉન ન કરવા દેવા પણ ભારપૂર્વક જણાવ્યું છે. તેમજ આ ત્રણેય ગામમાં હાઉસ ટુ હાઉસ સર્વે કરવાની અને સેનિટાઈઝરનો છંટકાવ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું છે. આ મુલાકાત દરમ્યાન ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયા, સુધડ મેડિકલ ઓફિસર શ્રી ડૉ. દિનેશ પટેલ પણ જોડાયા હતા.

### ત્રણ હજાર ગુજરાતીઓને હજુ સુધી પરત લવાયા

મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શનમાં રાજ્યના વહિવટી તંત્રએ અન્ય રાજ્યો સાથે સંકલન કરીને ત્યાં લોકડાઉનની સ્થિતીમાં અટવાઈ ગયેલા ૩ હજાર જેટલા ગુજરાતી યાત્રિકો, વિદ્યાર્થીઓ, પ્રવાસીઓને અત્યાર સુધીમાં રાજ્યમાં પરત લાવવાની કામગીરી સફળતાથી પાર પાડી છે. હજુ પણ જે લોકો લોકડાઉનની સ્થિતીમાં અન્ય રાજ્યોમાં અટવાયેલા છે તેમને ગુજરાત પરત લાવવાનું વ્યવસ્થાતંત્ર મુખ્યમંત્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારે ગોઠવ્યું છે. ગુજરાતના આવા જે વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ, વેપારીઓ અન્ય રાજ્યોમાં લોકડાઉનને કારણે ફસાયેલા છે તેઓ રાજ્ય સરકારના કંટ્રોલરૂમ નંબર ૭૯૨૩૨ ૫૧૯૦૦ પર સંપર્ક કરી શકે છે. આવા અન્ય રાજ્યોમાં ફસાયેલા-અટવાયેલા ગુજરાતી વ્યકિતઓની વિગતો મળ્યેથી રાજ્ય સરકારના જે વરિષ્ઠ આઈએએસ, આઈપીએસ અધિકારીઓને જે-તે રાજ્યોની જવાબદારી સોંપવામાં આવી છે તેઓ તે સંબંધિત રાજ્ય અને જિલ્લાના તંત્રના સંકલનમાં રહિને આવા વ્યકિતઓને પરત આવવા માટેના જરૂરી પરવાનગી પાસની વ્યવસ્થાઓમાં મદદરૂપ થશે.

# ખોરજ પાસે કેમીકલ ભરેલા છ કન્ટેનરમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સરખેજ હાઈ વે પર ખોરજ પાસે આવેલા કન્ટેનર ડેપો ખાતે આજે સવારના સુમારે સરખેજ માર્ગ પર આવેલા ખોરજ કન્ટેનર ડેપો ખાતે સવારના સુમારે કેમિકલ ભરેલા ૬ કન્ટેનરમાં આગની ઘટના બની હતી. આગના કન્ટેનર ડેપો ખાતે પહોંચી ગયા હતા.

અમદાવાદ- ગાંધીનગર ફાયર ટીમ દ્વારા ૧૩૦૦ લીટરથી



કેમિલક ભરેલા ૬ કન્ટેનરમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગની તીવ્રતાને લઈ ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. આગની જાણ થતા અમદાવાદ-ગાંધીનગરની ફાયર ટીમો ત્તાત્કાલીક પહોંચી ગઈ હતી અને ફાયરના જવાનોએ પાણીનો તેમજ ફોમનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ધુમાડાના ગોટેગોટા દુરદુર સુધી દેખાતા હતા.

આગને પગલે કન્ટેનર ડેપોમાં દોડધામ મચી ગઈ હતી. જયારે આગના બનાવને લઈ આસપાસના વિસ્તારમાં રહેતા નાગરીકોમાં પણ ડર જોવા મળ્યો હતો. બનાવની જાણ અમદાવાદ ફાયર બ્રિગેડ ને થતા ૬ ગાડી અને ગાંધીનગર ફાયર બ્રિગેડને થતા ૨ ગાડી સહિત ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ ખોરજ વધુ ફોમનો અને હજ્જારો લીટર પાણીનો સતત મારો ચલાવીને ૬ કન્ટેનરમાં લાગેલી આગ પર કાબુ મેળવી લીધો હતો. કન્ટેનર ડેપોમાં આગ વધુ પ્રસરે તે પહેલા તેને અટકાવી કાબુ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. જો કે આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયુ નથી. પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ કેમિકલ લીકેજથી આગ લાગી હોવાની શકયતા છે.

### કોલવડામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

લોકડાઉન વચ્ચે ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે જુગાર રમતા ત્રણ શકુનીઓ પોલીસના હાથે પકડાયા છે. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ મળી કુલ રૂ.૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોલવડા ગામના ઈશાજીના માઢમાં મહાકાળી માતાના મંદિર આગળ ઓટલા પર ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા છે. જેમાં સંજયસિંહ વિક્રમસિંહ વાઘેલા, ભરતસિંહ પરથીજી વાઘેલા, ધર્મેન્દ્રસિંહ દિલિપસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. પોલીસે જુગાર સ્થળ પરથી ૩ હજાર રોકડા જપ્ત કરીને જુગારધારા અને લોકડાઉનમાં બિનજરુરી બહાર આવવા બદલ જાહેરનામા ભંગ હેઠળ પણ ગુનો દાખલ કર્યો છે.

### આદરજ મોટી ગામ પાસેથી ૭૦૦ કિલો સોપારીનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર શહેરને અડીને આવેલા આદરજ મોટી ગામ પાસેથી ગતરોજ સાંજના સુમારે પેથાપુર પોલીસે જીપડાલામાંથી ૧૦ કટ્ટા ૭૦૦ કિલો સોપારીનો જથ્થો પકડી પાડ્યો છે. કલ્યાણજીના પરાથી પુન્દ્રાસણ તરફ જતા માર્ગ પર બે પીકઅપ ડાલા સાથે પાંચ શખ્સો ઉભા હતા. પોલીસે બંન્ને જીપડાલા ચેક કરતા તેમાંથી ૧૦ કટ્ટામાં ૭૦૦ કિલો સોપારી મળી આવી હતી. પોલીસે ૧.૪૦ લાખની સોપારી અને બે જીપ ડાલા ૬ લાખ મળીને કુલ ૭.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ભગીરથસિંહ ભોપાલસિંહ રાજપુત, અનિલકુમાર છોટ્ટન યાદવ, વિનોદ સોમનાથ પાટીલ, તોફીક ઈકબાલ હુસેન અજમેરી, આશિષકુમાર જેનાજી ઠાકોર સામે તપાસ હાથ ધરી છે.

# મારું ગામ, મારું ઘર કોરોના મુક્ત રહે એવો સંકલ્પ દરેક ગ્રામજનો કરે : આર.આર.રાવલ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કોઈ કેસ ન થાય અને × મારું ગામ કોરોના મુક્ત ગામ, × મારું ઘર કોરોના મુક્ત ઘર અને મારું કુટુંબ કોરોના મુક્ત કુટુંબ બની રહે તે માટે હજુ પણ તમામ ગ્રામ પંચાયતોએ વિષેશ રીતે સજાગ અને સજ્જ થવુ જરુરી છે તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે વધુમાં જણાવ્યું છે કે, છેલ્લા સપ્તાહમાં જે કોરોનાના કેસો ગ્રામ્ય કક્ષાએથી મળ્યા છે તેનું અવલોકન કરતાં મોટાભાગના અમદાવાદના વિસ્તારમાંથી આવન-જાવન કરતાં હોય અને એને પરિણામે પોતે પણ કોરોનાના વાયરસનો ભોગ બનેલ છે અંતે આવા ઈસમો પોતાના કુટુંબિજનોને માટે અને પોતાના ગામ માટે પણ પોતે ખતરો ઉભો કરે છે. જે ખૂબ ચિંતાજનક છે. તમામ ગામોમાં કોરોના સક્રમણને નિવારવા માટે તાકિદના પગલાંરુપે તલાટી કમ મંત્રીશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય કક્ષાએ હેલ્થ વર્કર, આંગણવાડી વર્કર અને આશા વર્કરોની ટીમોની રચનાના હુકમ પણ કરવામાં આવ્યા છે

વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, તાત્કાલિક અસરથી આ ટીમ જેતે ગામમાં સમાવિષ્ઠ તમામ ઘરોની તમામે તમામ ઘરોમાં આરોગ્ય વિષયક તપાસ થાય તેમાં શરદી, ખાંસી, તાવ જેવા કોરોનાના પ્રાથમિક લક્ષણો જણાય છે કે કેમ ? અને હોય તો તેનો તાત્કાલિક નજીકના નજીકનાં સરકારી દવાખાનામાં સારવાર માટે રીફર કરશે.

તદઉપરાંત તે ઘરમાં સગર્ભા માતા, ટી.બી.પેશન્ટ, હાઈ બીપી, ડાયાબિટીશ દર્દીઓ અને ૦ થી ૬ વર્ષના બાળકો અને વરિષ્ઠ વયવૃધ્ધ નાગરિકના સ્વાસ્થ્યની પણ તપાસણી કરશે. આ ગામે કોઈપણ વિસ્તારમાં કોઈ પણ ઘરમાં લોકડાઉન અમલી બન્યા પછી અનધિકૃત રીતે પ્રવર્તમાન જાહેરનામાનો અને કાનુની જોગવાઈઓનો ભંગ કરી અમદાવાદ નજીકના શહેરમાં રહેતા અને કોરોનાના ડરને કારણે ગામમાં વતની હોવાના નાતે અથવા અન્ય રીતે ગામમાં આવી ગયા હોય તો તેવા લોકોની પણ ધરેઘરે તપાસ કરવામાં આગવશે. આવા ઈસમોની ખરાઈ કરી તાલુકા વિકાસ અધિકારીશ્રી જેતે સરપંચશ્રી અને તલાટી કમ મંત્રીશ્રીના પરામર્શમાં રહી કોઈ પ્રવર્તમાન કાયદા કે જાહેરનામાનું લોક ડાઉનના ગાળામાં ઉલ્લંઘન થયું છે કે કેમ ? તેની યાદી તૈયાર કરશે. કાયદાની પ્રવર્તમાન જોગવાઈ- આદેશના ઉલ્લંઘનના કિસ્સામાં તેવા ઈસમોની સામે જરુર જણાયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામા અન્વયે ભારતીય ફોજદારી ધારાની સેકશન ૧૮૮ અને ઈન્ડીયન એપેડેમિક એક્ટ (સુધારેલ કાયદો ૨૦૨૦) અન્વયે પોલીસ ફરિયાદ સહિતના આકરા પગલાં લેવાની તંત્રને ફરજ પડશે તેવી પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાવલ દ્વારા ચેતવણી આપવામાં આવી છે.



સમગ્ર જિલ્લામાં ગ્રામજનોના સહકારથી સરપંચશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓ તથા સ્વયંસેવકોના સહકારથી ખૂબ સારી કામગીરી કરી રહ્યા છે તે પરત્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાવલે જિલ્લાના તમામ ગામના સરપંચશ્રી અને તલાટીશ્રીઓને સેવાભાવી વ્યક્તિ-સંસ્થાઓને ખૂબ અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરી છે.

# ચરેડી છાપરા ખાતે બે પાડોશી વચ્ચે મારામારી : ૭ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ઘ-૭ પાસે આવેલ ચરેડી છાપરા વિસ્તારમાં ગતરોજ બે પાડોશીઓ વચ્ચે સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થતા મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં તલવાર અને ચપ્પા વડે હુમલો થતા ૭ નાગરીકો સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચરેડી વિસ્તારમાં રહેતા ફેઝલખાન પઠાણે નોંધાયેલી ફરીયાદ મુજબ તેના ઘર પાસે યુસુફ મનસુરીનો ગલ્લો ખુલ્લો હતો. જયાં ભીડ ને પગલે ફરીયાદીના મામાએ ગલ્લો બંધ કરવાનું કહેતા યુસુફ મનસુરી અને તેના બે દિકરા ફિરોજ અને શારરૂખે હુમલો કર્યો હતો. જેમાં ઉશ્કેરાયેલા ફિરોઝે તલવાર જેવી ધારદાર વસ્તુ માથામાં મારતા ઈજા પહોંચી હતી. જેને પગલે ફરીયાદીએ ત્રણ નાગરીકો સામે ફરીયાદ નોંધાવી છે. તો સામે પક્ષે હુસેનાબેન મનસુરીએ નોંધાવેલ ફરીયાદ મુજબ તેઓના પરિવાર ઘરે કરીયાણાની દુકાન ચલાવે છે. સાંજના સમયે કાળુભાઈ અશરફભાઈ મલેક તેમના ઘર પાસે આવીને દુકાન બંધ કરી દેવાનું કહીને ગાળાગાળી કરી હતી.ગાળો બોલવાની ના પાડતા કાળુભાઈએ ફરીયાદીને માથાના ભાગે ફેંટ મારી હતી.આ સમયે ફરીયાદીના પતિ અને બે દિકરા બહાર આવતા કાળુભાઈ તેનો ભાઈ ઈમ્તિયાઝ, દિકરો લિયાકત અને ભાણો ફેઝલ દોડી આવ્યા હતા. તેઓએ લોખંડની પાઈપ,લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ સમયે કાળુભાઈએ ચપ્પા વડે હુમલો કરતા ફરીયાદીને ગાલ પર વાગ્યું હતું. મહિલાએ ચાર સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.